શ્રી વંદનમ્ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# શ્રી વસિષ્ઠ વિદ્યાલય

મુ. પો. વાવ, ને. હા. નં.-48, કામરેજ, જિ. સુરત.

બેઠક નંબર

## ઉત્તરવહી

Vmt પરીક્ષા –

નામ : ગુજરાતી પેપર સોલ્યુશન-3

ધોરણ : વર્ગ :

વિષય : GSEB (SL) તારીખ :

| મુખ્ય ઉત્તરવહી | પુરવણી | કુલ |
|---|---|---|
| + | = | |

નિરીક્ષકની સહી :

પરીક્ષકની સહી :

| વિભાગ /પ્રશ્ન | ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| OMR | | |
| 1 | | |
| 2 | | |
| 3 | | |
| 4 | | |
| 5 | | |
| કુલ | | |

પરીક્ષાલક્ષી સૂચન : જરૂર હોય તેટલી જ પુરવણી લેવી.

અહીંથી જવાબ લખવાનું શરૂ કરવું

વિભાગ-A

(અ) નીચેના જોડકા યોગ્ય રીતે જોડીને ફરીથી લખો

| (અ) પાત્ર | (બ) કૃતિ |
|---|---|
| ૧. મેનાબહેન | (અ) ઝગમગ જ્યોત |
| ૨. પંજુ ખત્રી | (બ) જોહીબાઈ |
| ૩. ગોરપી | (ક) રિફિન |

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૪. મોટાભાઈ 10 વર્ષ પછી વિલાયતથી પાછા આવ્યાં.

૫. જોહીબાઈ દીવ બંદરેથી પોર્ટુગલ જવા ઉપડ્યા.

→ નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

૬. નવો ભેદ આભુમાં નથી આવ્યું. (X)

૭. 'શ્વેતક્રાંતિના પુળેળાઓ' એ રેખાચિત્રો છે. (✓)

| પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક | | + | | + | | + | | + | | = | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.

૮. 'શરણાઈના સૂર' એ ટૂંકીવાર્તા છે.

૯. 'સામગ્રી તો સાચવવી જોઈએ' પાઠમાંથી આપણે આપણી મોટી આદતો સુધારવી જોઈએ, સાધન-સામગ્રીનો નકામો બગાડ કરવો જોઈએ નહિ, એવો બોધ મળે છે.

૧૦. લેખક સૂર્યોદય જોવા ઉતાવળે દોડવાની ના પાડે છે, કારણ કે લેખકના મતે સૂરજ જ તો બધે જ સરખો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

૧૧. ઘરેથી નીકળતાં બદ્રુદ્દીન અંબારામને 'આજનો દિવસ મહોત્સવ છે' એમ કહે છે કારણ કે લોકના કહેવા પ્રમાણે તેઓ આજે વેદ ધર્મનું રક્ષણ કરવા, આર્યધર્મનો જય કરવા, સનાતન ધર્મનો પ્રચાર કરવા પ્રયાણ કરી રહ્યા હતા.

૧૨. ગજૂબો ઘાસ કાપવા આવતા તે બલાઈનો સૌથી વધુ દુઃખનો દિવસ બનતો. તે કાકીને કહેતો, "પેલા ગજૂબોને કહોને, મારાં આ છોડવાં ન કાપે!" કાકી એને જવાબ આપતાં કહેતાં કે, "બલાઈ, તું કેવી ગાંડા જેવી વાત કરે છે! આ બધું તો જંગલ છે, એ સાફ કર્યા વિના ચાલશે કેવી રીતે?"

૧૩. વાર્તાનાયક અમરચીમાને કહે છે: 'આ છોકરાનું વૈતરું શું કામ?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં અમરચીમા ઉજળાશથી કહે છે: 'હું દયાઈ મારું પણ આ સામે બેઠી કાળી અને ગોરકી ઉંમરમાં આવશે... એ બંનેને શો જવાબ આપવાનો?'

Scanned with CamScanner

| પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | + | + | + | + | = | |

(ઇ) ૧૪. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.

કૃતિ:- શરણાઈના સૂર
કર્તા:- ચુનીલાલ મડિયા
સા.પ્ર:- ટૂંકીવાર્તા

ગાડાનું પૈડું સીંચાઈ ગયું. પછી જાને વિદાય લીધી. રમઝુ મીરે શરણાઈનો સૂર છેડયો. ઢોલીએ ઢોલ પર દાંડીપાડી. સુહાગણોએ ગીત ઉપાડ્યું. કન્યાપક્ષની સ્ત્રીઓએ અને વરપક્ષની જાનડીઓએ સામસામું ગીતો ગાવા માંડયા. ગીતોના સૂર વધારે વેધક હતા કે શરણાઈના, એ નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ હતું.
જાનનું આખું સરઘસ ઝળહળ્યમાન રંગો વડે સોહાતું હતું. મોખરે રમઝુના માથા પર લાલ મધરાસી ફેંટાના છોગા ઊડતા હતા. મેઘા ઢોલીએ લીલા રંગનું માથાબાંધણું બાંધેલું. જાનૈયાઓ વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવેલા તેથી એ આખો સમૂહ લાલચટ્ટક લાગતો હતો. હીરભરતમાં ઝૂલ ને શિંગડીઓ વડે શણગારેલા બળદ તો સાવ જુદા જ તરી આવતા હતા. ગાડામાં બેઠેલા વરરાજાનો જરિયન જામો, એમના હાથમાંની તલવારનું રંગીન તેમજ કન્યાનું પચરંગી પટોળું એક વિશિષ્ટ રંગસૃષ્ટિ રચી જતાં હતા. એમની પાછળ વિદાયગીતો ગાતી સુહાગણોનાં અવનવાં પરિધાનોમાં તો રંગમેળો જ જોવા મળતો હતો.

Scanned with CamScanner

૧૫.

કૃતિ:- શ્વેતક્રાંતિના પ્રણેતા
કર્તા:- સંકલિત
સા.પ્ર.:- રેખાચિત્ર

વિશ્વભરમાં આજે જેનું નામ પ્રચલિત બન્યું છે અને 'અમૂલ મોડેલ' તરીકે સમગ્ર ભારતમાં જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે તે અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલનો જન્મ આણંદમાં તા. 22/10/1903 ના રોજ કિશાભાઈ પટેલને ત્યાં થયો હતો. ગુજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીજીવનમાં જ તે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈના વિચારોથી પ્રભાવિત થઈ આઝાદીની ચળવળમાં જોડાયા. મીઠાના સત્યાગ્રહ માટે તેમને જેલવાસ ભોગવવો પડ્યો. 'ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ'ની શરૂઆત કરી દૂધ વેચતા ખેડૂતોને 'પોલસન' કંપનીના ત્રાસમાંથી છોડાવ્યાં. ડૉ. કુરિયનનો સાથ મળતાં બંનેની જુગલબંધી જામી અને અમૂલ ડેરીનો હરણફાળ વિકાસ થયો. તેઓ 71 વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધી વિવિધ સહકારી ક્ષેત્રોમાં અનેક હોદ્દાઓ ઉપર કાર્યરત રહ્યા.

ત્રિભુવનદાસને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ માટે અનેક એવોર્ડ મળ્યા. તેમને 'કોમ્યુનિટી લીડરશીપ' માટે રૅમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો. ઈ.સ. 1964 માં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો. તેમની સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે દરેક સભ્યએ પોતાની ઈચ્છાથી એક એક રૂપિયો એકત્ર કરી તેમને છ લાખ એંસી હજાર રૂપિયાની થેલી ભેટ ધરી, ભેટની રકમમાંથી 'ત્રિભુવન ફાઉન્ડેશન'ની સ્થાપના કરી.

શ્વેતક્રાંતિના પ્રણેતા આજે પણ પોતાના સેવાકાર્યથી ગુજરાતના ખેડૂતોના હૃદયમાં આદરણીય સ્થાન ધરાવે છે.

Scanned with CamScanner

પ્રશ્ન
પેટા પ્રશ્ન
ક્રમાંક

[ ] + [ ] + [ ] + [ ] + [ ] = [ ]

૨૬.

કૃતિ: સૂરજ તો બધે જ સરખો
કર્તા: વિનોદ ભટ્ટ
સા.પ્ર.: હાસ્યનિબંધ

'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં સર્વજ્ઞભાઈ અને લેખક વચ્ચે રજાઓમાં કયા સ્થળે પ્રવાસે જવું તે અંગે વાતચીત થાય છે. સર્વજ્ઞભાઈ આગ્રા, માથેરાન, દાર્જિલિંગ, મહાબળેશ્વર, આબુ વગેરે સ્થળોએ કઈ કઈ વાનગીઓ ખાવા જેવી છે તેની જ વાત કરે છે, ત્યાંની ખાસિયતની નહિ. છેવટે આબુની વાત કરતાં કહે છે કે "આબુમાં એક તકલીફ રહેવાની. તમને આખું અમદાવાદ ત્યાં જોવા મળશે. અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે ગલીમાં ઘૂસી જવા મથીએ એ બધાં ત્યાં સામે ભટકાવાનાં. ત્યાંના પાછા રસ્તાય થોડા પહોળા એટલે ભાગીનેય ક્યાં જાય! એ વખતે સાલું એમ થાય કે આટલા પૈસા ખરચીને આબુ આવ્યા એ કરતાં અમદાવાદમાં જ રહ્યા હોત તો વધુ સારું મળ્યા પત!"

લેખકને આ આઈડિયા ગમ્યો. ઘરમાં બેસીને પરસેવો આઈસક્રીમ ખાતાં ખાતાં ગપ્પાં મારવાની જે મજા આવે છે તે આનંદ બીજે ક્યાંય નથી. આવા વિચારથી લેખક ક્યાંય ન જવા માટે વિચારે છે.

Scanned with CamScanner

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક

☐ + ☐ + ☐ + ☐ + ☐ = ☐

વિભાગ- B

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.

| (અ) કર્તા | (બ) કૃતિ |
|---|---|
| ૧૭. મીરાંબાઈ | (અ) મોરલી |
| ૧૮. કરસનદાસ માણેક | (બ) જીવન અંજલિ થાજો |
| ૧૯. હરિકૃષ્ણ પાઠક | (ક) જીવમાં જીવ આવ્યો. |

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૨૦. કાનાની મોરલીએ ગોપીએ બાળકોને રડતાં મૂક્યાં છે.

૨૧. 'જીવમાં જીવ આવ્યો' કાવ્ય મંદાક્રાન્તા છંદમાં છે.

નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

૨૨. 'હાથ મેળવીએ' કાવ્યના કવિ અહીં અજાણી વ્યક્તિનો હાથ માગે છે. (✓)

૨૩. 'તો બેસે અહીં' કવિના પથોપુષ્પ ગઝલમાં છે. (X)

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.

૨૪. ગિરિધરના દર્શનથી મીરાંબાઈના દુઃખ દૂર થાય છે.

૨૫. વરસાદ વરસવાથી પંખીઓના માળા હવામાં ઝૂલ્યા.

૨૬. સત્યનો માર્ગ કાંટાળો છે.

Scanned with CamScanner

5) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

19. 'અમને નાખો જિંદગીની આગમાં'

મુફલિસમાં આવ્યો યુવાન ખુમારીથી, બેફિકરાઈથી અને મોજથી જીવવા ઈચ્છે છે. કપરી આવી પરિસ્થિતિમાં પણ નહિ હારવાની ખુમારી આમાં બતાવવામાં આવી છે.

'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ પોતાના ચરણોને વણથાક્યાં કહે છે કારણ કે કવિ સૌની નિઃસ્વાર્થભાવે સેવા કરે છે. વળી કવિને ઈશ્વરની સમીપ જવું છે. કવિને સેવા અને ભક્તિ કરવી છે. તેમજ સેવાનાં જે પણ કાર્ય કામ કરતાં હોય તેનાથી ચરણો થાકતાં નથી.

બીજાના દુઃખે દુઃખી થવાની સંવેદનશીલ વ્યક્તિ બીજાનું દુઃખ દૂર કરે છે, તેનાં આંસુ લૂછે છે. સંવેદનશીલ વ્યક્તિ બીજાનું દુઃખ જોઈ દુઃખી થાય છે, તેની છાતીમાં દુઃખે છે.

Scanned with CamScanner

| પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક | + | + | + | + | = | પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક |
|---|---|---|---|---|---|---|

(૩) નીચેના મુદ્દાના આધારે ઉત્તર લખો.

30.

કૃતિ :- [illegible]

કવિ :- હરિકૃષ્ણ પાઠક

સા.પ્ર. :- સોનેટ

છંદ :- મંદાક્રાન્તા

આ મંદાક્રાન્તા છંદમાં લખાયેલું એક સુંદર સોનેટ કાવ્ય છે. ઋતુએ બદલાયેલી સૃષ્ટિનાં ચિત્રો કાવ્યમાં આલેખાયાં જોવા મળે છે, જે આપણને ગમે એવાં છે.

પ્રથમ વરસાદનું આગમન થતાં જ સમગ્ર સૃષ્ટિનું ચિત્ર બદલાઈ જાય છે. જળાશયોમાં નવાં નીર આવે છે. ગરમીથી સૌ રાહત અનુભવે છે. ધરતીમાંથી લીલું ઘાસ ઊગી નીકળે છે. ધરતીએ લીલી ચાદર ઓઢી હોય તેવું દૃશ્ય આંખને ઠારે છે. વૃક્ષોનાં પાન તાજગી અનુભવતાં ભીનાંછમ દેખાય છે. મોર કળા કરી નાચે છે અને ગહેકે છે. વગડો, સીમ નવું રૂપ ધારણ કરે છે. દેડકાં 'ડ્રાઉં..... ડ્રાઉં...' કરીને પોતાની ખુશી વ્યક્ત કરે છે. બાળકો પાણીમાં છબછબિયાં કરે છે. ખેડૂતોનો આનંદ ઊભરાય છે.

આમ, વરસાદના આગમનથી સમગ્ર સૃષ્ટિ હરખાય છે.

Scanned with CamScanner

પ્રશ્ન
ના પ્રશ્ન
ક્રમાંક

[ ] + [ ] + [ ] + [ ] + [ ] = [ ]

39

કૃતિ: તો બેસો અહીં
કર્તા: સ્નેહી પરમાર
સા.પ્ર. ગઝલ

આ ગઝલમાં કવિશ્રીએ લોકોમાં માનવીમાં સ્થાન બેસવાની લાયકાત શી છે? તે મારે તો માનવીએ લાયકાત શામાંથી મળે છે તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. જે આપણે નીચે મુજબ જોઈએ.

'ગઝલ' એવો કાવ્યપ્રકાર છે જેમાં 'રદીફ' અને 'કાફિયા' મુખ્ય અંગો છે અને જેમાં હૃદયને સ્પર્શે તેવો ભાવ વણાયેલ હોય છે. 'તો બેસો અહીં' ગઝલ છે. તેના પ્રથમ શેરમાં અને ત્યાર બાદ દરેક શેરના અંતમાં 'તો બેસો અહીં' શબ્દો એક સરખી રીતે વપરાયા છે. આ શબ્દો 'રદીફ' તરીકે ઓળખાય છે. આ શબ્દોની આગળ 'લૂછ્યું હોય', 'દુઃખ્યું હોય', 'ઝૂક્યું હોય', 'પૂછ્યું હોય', 'ઊગ્યું હોય' પ્રાસ સભર રીતે બધા ગોઠવાયા છે. આ શબ્દો ગઝલમાં 'કાફિયા' તરીકે ઓળખાય છે.

સારાં કર્મો કર્યા હોય તો દરેક સ્થળે ઉત્તમ સ્થાન પામે છે. આ કાવ્યમાંથી આપણને શીખવા મળે છે કે, આપણે પરોપકારી, સહૃદયી, નમ્ર, દાની અને વિવેકી બનવું જોઈએ.

Scanned with CamScanner

| પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક | | + | | + | | + | | + | | = | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

૩૨.

કૃતિ :- ક્યાં રે વાગી
કર્તા :- લોકગીત
સા.પ્ર. :- લોકગીત

આ કાવ્ય એ લોકગીત છે જેમાં એક લોકસમૂહ ભેગો થઈને જુદી જુદી પંક્તિઓ જોડીને કાવ્ય બનતું હોય છે. આમાં કૃષ્ણની મોરલી એ ગોપીને કઈ રીતે ઘેલી બનાવી છે તેની વાત રજૂ થઈ છે જે આપણે નીચે મુજબ જોઈએ.

કાનની મોરલીએ ગોપીનું મન હરી લીધું છે. મોરલીના નાદથી ઘેલી બનેલી ગોપી સુધબુધ ગુમાવી બેઠી છે. તે સહિયરનો સાથ છોડીને મા-બાપને ભૂલીને, બાળકોને રડતાં મૂકીને, ઘરનાં બધાં જ કામ પડતાં મૂકીને દોડી આવે છે.

આ કાવ્યમાં ગોપીના પાત્ર દ્વારા સાચા ભક્તની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાચા ભક્તનું એક જ લક્ષ હોય છે : ઈશ્વરપ્રાપ્તિ. તે માટે તે સર્વસ્વનો ત્યાગ કરે છે. અનન્ય ભક્તિ કોને કહેવાય તેનો પરિચય આપણને આ કાવ્યમાં થાય છે.

Scanned with CamScanner

પુરવણી
જોડેલ પુરવણી
ક્રમાંક

[ ] + [ ] + [ ] + [ ] + [ ] = [ ]

વિભાગ - C

1) માગ્યા મુજબ પ્રશ્નોના ઉત્તર લખો.

33. નિર્લજ્જ - બેશરમ

34. સ્નિગ્ધ - ઠંડુ

35. રૂપાળાં X અનામણાં

36. સભય X બેફિકર

37. ધર્મોમિરર

38. પશ્ચિમનો જરૂખો રસ્તા પર પડે છે.

39. સિદ્ધાંત = સિદ્ધ + અંત

40. હસ્તઘડી - મધ્યમપદલોપી

41. આંખ ઊઘડવી - સાવધાન કે સતેજ થઈ જવું.

42. અધૂરો ઘડો છલકાય ઘણો - અપૂર્ણ જ્ઞાન હોવા છતાં જ્ઞાનીપણાનું અભિમાન કરવું.

43. ભેરૂભરથી હવે ક્રોધ સમાવી શક્યા નહિ.

44. સુહાગણોએ વિદાય ગીતો ગવડાવ્યા.

Scanned with CamScanner

૨૫. નદી – ગુજરાતનાં સાહિત્યકારો

૨૬. નરસ૨

૨૭. મેં પૂછ્યું, "શા માટે?"

૨૮. A) ઝુકુરેખા

Scanned with CamScanner

## વિભાગ-D

૬. → દુઃખીનાં દુઃખની વાતો, સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં રહે

પ્રસ્તુત કાવ્યપંક્તિમાં કવિ કહે છે કે, દુઃખી માણસોના દુઃખ સુખી લોકો નથી સમજી શકતા અને જો દુઃખી લોકોનું દુઃખ સુખી લોકો સમજવા લાગે તો આ વિશ્વમાં દુઃખ વધે જ નહિ અને બધા લોકો સુખી થઈ જાય.

દુઃખી લોકોના દુઃખ, સુખી લોકો સમજવા લાગશે તો વિશ્વમાં એક પણ દુઃખ નહિ રહે. દુઃખી લોકો મોટા ભાગે ગરીબ જ હોય. ગરીબ લોકો દિવસનું બે વાર સરખું જમી પણ નથી શકતા જ્યારે સુખી શ્રીમંત લોકો આરામની જિંદગી જીવે છે. જો શ્રીમંત લોકો દુઃખી ગરીબ લોકોનું દુઃખ સમજી તેમની મદદ કરશે તો સમગ્ર વિશ્વમાંથી દુઃખ ચાલ્યું જશે.

કવિ આપણે સંદેશ આપવા માગે છે કે, આપણે દુઃખી લોકોની મદદ કરીએ અને તેમને આગળ લાવીએ. આપણે દાન-પુણ્ય કરી ગરીબ-અનાથ લોકો માટે મદદરૂપ બનીએ.

આમ, આપણે બધાની મદદ કરીએ અને બધાને સુખી કરીએ.

Scanned with CamScanner

57. →

## યમદૂતની ચતુરાઈ

એક સણોસરા નામનું સમૃદ્ધ ગામ હતું. તે ગામમાં રાજા રવીચંદ્રનું શાસન ચાલતું હતું. તે ગામમાં એક કુશળ શિલ્પી રહેતો હતો. તે શિલ્પી પોતાની કલાને વાપરીને વિવિધ પ્રકારની મુર્તીઓ બનાવતો અને ગામમાં વહેંચતો.

એક દિવસ જ્યારે સાંજ સમયે ભગવાન શ્રી રામની મુર્તી બનાવી હતો ત્યારે તેની પાસે મુર્તી લેવા એક મહાન અને વિદ્વાન જ્યોતિષ, તેની મુર્તીઓ જોઈ ખૂબ ખુશ થયો હતો. તે વિદ્વાનને આખું ગામ ઓળખતું હતું. જ્યારે તે વિદ્વાને મુર્તીઓની રકમ પૂછી ત્યારે શિલ્પી એ કહ્યું, "મુર્તીઓની રકમ એ છે કે તમારે મારી સાથે ભવિષ્યમાં શું થવાનું છે તે જોઈ આપવું પડશે." વિદ્વાને મુર્તી લઈને શિલ્પીનું ભવિષ્ય જોતા કહ્યું, "કાલ સુધીમા તારું મૃત્યુ થઈ જશે." વિદ્વાનની આગાહી સાંભળી તે ચકિત થઈ ગયો.

શિલ્પીએ એક યુક્તિ વિચારી અને પોતાના જેવાં છ પૂતળાં બનાવ્યા. એ પૂતળાં એવા હતા કે જે શિલ્પી જેવા સરખા જ દેખાતા હતા. ખબર જ નહોતી પડતી કે કોણ સાચો માણસ છે અને કોણ પૂતળું છે. શિલ્પીએ તે પૂતળાંઓ લાઈનમાં ગોઠવ્યા અને પોતે પણ તે પૂતળાંઓની સાથે ત્યાં જઈ લાઈનમાં ઊભો રહી ગયો અને યમદૂતની રાહ જોવા લાગ્યો.

પ્રશ્ન પેટા પ્રશ્ન ક્રમાંક

રાત થતા જ યમદૂત તેની ઘરે, તે શિલ્પીને લેવા માટે આવ્યા, પણ ત્યાં જોયું તો શિલ્પી તો સાત હતા. યમદૂત સમજી ગયા કે આ સાત માંથી એક શિલ્પી છે અને બાકીના છ પૂતળાં છે. યમદૂત મૂંઝાવા લાગ્યા કે હું આમાંથી શિલ્પીને કેવી રીતે ઓળખું.

મૂંઝવણથી ઘેરાયેલા યમદૂતને બુદ્ધિ મળી ગઈ. યમદૂત બોલ્યા કે, "હા, ભૂલ મળી ગઈ" એથી શિલ્પી પણ બોલી ઉઠ્યો અને યમદૂતને પ્રશ્ન પૂછ્યો, 'કઈ ભૂલ?' તેનો જવાબ દેતા યમદૂતે કહ્યું, "આ જ ભૂલ'. અને પછી શિલ્પી પકડાઈ ગયો.

બોધ: આપણે ઈશ્વરથી ચતુરાઈ ન કરવી જોઈએ કારણ કે તે આપણાથી પણ વધારે ચતુર હોય છે.

Scanned with CamScanner

58. → માતૃપ્રેમ

બાળકના જન્મની સાથે જ માતાનો જન્મ થતો હોય છે. માતા તેના બાળકને સૌથી વધારે પ્રેમ કરતી હોય છે. માતા જ બાળકને ઉછેરે છે અને તેને મોટું કરે છે. માતાનો એક જ ધ્યેય હોય છે કે મારું બાળક કેવી રીતે સુખી થાય. માતા તેને નિ:સ્વાર્થ પ્રેમ કરે છે.

બાળકને ઉછેરવામાં સૌથી વધારે યોગદાન તેની માતા હોય છે. તે બાળકને સવારે જગાડે, નવડાવે, જવડાવે, તે તેની સાથે રમે, ગીતો ગાયા કરે અને બાળકને સુખ આપ્યા જ કરે.

બાળક સૌથી વધારે માતા પાસે જ રહેતું હોય છે તેથી સૌથી વધારે સંસ્કારસિંચનમાં યોગદાન માતાનું જ હોય છે. માતા તેને સારી-ખરાબ વસ્તુઓની સમજ આપે છે અને તેનામાં સારા-સારા સંસ્કારોનું સિંચન કરે છે. તેથી આ કાવ્ય પંક્તિ પ્રચલિત થઈ છે—

"એક મા, સો શિક્ષકોની ગરજ સારે છે"

દરેક ક્ષણે માતા બાળકમાં સંસ્કારોનુ સિંચન કરતી હોય છે.

માનો પ્રેમ નિ:સ્વાર્થ હોય છે. તે બાળકને કોઈ પણ જાતનું દુઃખ આપવા નથી દેતી. બાળક પથારી ભીની કરે તો મા ભીનામાં સૂઈ જાય છે પણ પોતાના બાળકને તો સૂકામાં જ સૂવડાવે છે અને તેને જરા પણ કષ્ટ નથી પોચવા દેતી.

ગરીબ મા તેના બાળકના બધા શોખ પૂરા કરવા માટે આખો દિવસ મજૂરી કરવી પડે તોય મજૂરી કરી તેના શોખ પૂરા કરતી હોય છે. ઘણા બાળક કદરૂપા, આંધળા કે અપંગ હોય છે તોય તેના માતા-પિતાનો પ્રેમ તેના માટે ઓછો નથી થઈ જતો અને ક્યારેક તો તેવા બાળક પ્રત્યેનો પ્રેમ અને કાળજી બે ગણી થતી જોવા મળતી હોય છે. મા આખો દિવસ તેના બાળકનું જ વિચારે છે.

મારી મા પણ મને બહુ વ્હાલ કરે છે અને મારી દરેક પ્રકારની ઈચ્છા પૂરી કરે છે. હું જે ખાવાનું માંગુ તે મને જીવસી આપે છે ભલે પછી તેના ગમે તેવી મહેનત કરવી પડે, તોય કરે છે.

માની મમતા ક્યારેય ઓછી થતી નથી, તેનું બાળક મક્કીખોર હોય તોય તે તેનાથી કંટાળતી નથી અને તેનામાં સારા ગુણો વિકસાવે છે.

Scanned with CamScanner

માની મમતા ખાલી મનુષ્યોમાં જ નહિ પરંતુ પશુપંખીઓ અને બીજા ઘણાં - બધાં જીવોમાં જોવા મળતી હોય છે. પંખીઓના ઈંડા માંથી જ્યારે બચ્ચું બહાર આવે ત્યારે તેની માં ત્યાં જ બેઠી રહે છે અને તેને સાચવે છે. બચ્ચાના ઈંડા માંથી બહાર નીકળતાં પહેલાંય મા તેના બાળકના ઈંડાને સાચવે છે.

જંગલી જાનવરોમાં મમતા જોવા મળતી હોય છે. જેમકે સિંહ - સિંહણ તેના બચ્ચાના / બાળકના જન્મ બાદ તેમને પોતાની સાથે જ રાખે છે અને તેમને ખાવાનું લઈ આપે છે અને એ પણ શીખવાડે કે શિકાર કેવી રીતે કરવો.

સઘળા જીવોમાં માની મમતા જોવા મળે છે. એક એવી મા નહીં હોય જેને પોતાના બાળક પ્રત્યે પ્રેમ ન હોય. ઘણીવાર તો માતા તેના બાળકની ભૂલ હોવા છતાં બીજા સામે લડવા લાગે છે. મા એટલે મમતાની મૂર્તિ જે કદી ભાંગી ન શકે.

જો આપને આપણી માતાના આશીર્વાદ મળી જાય તો આપણે ક્યાંય પાછા ન પડીએ અને આપને સફળતા મળતી રહે છે.

Scanned with CamScanner

પ્રશ્ન
પેટા પ્રશ્ન
ક્રમાંક

માતા તેના બાળક માટે જીવનભર હાજર હોય છે અને તેની કોઈ જીવની જેમ સાચવણી કરે છે. માતા વગરનું બાળક ખૂબ દુઃખી થાય છે અગર કે, તેને સુખી કરવા વાળું કોઈ હોતું નથી. તેથી જ કવિ બોટાદકરે કહ્યું છે કે —

"જનની જોડ સખી,
નહિ મળે રે લોલ"

ખરેખર, માતા મમતાની મૂર્તિ હોય છે. માતાનો મહિમા અકથ્ય, અપરંપાર છે. તેથી કહેવાય છે —

"મા તે મા બીજા બધા વગડાના વા"